**અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ /દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSCW/10/2013/783286/G
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૮/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૫/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ અજાક/મ/૫/૨૦૧૩/૭૮૩૮-૩૯.

ઠ રા વઃ-

હાલની અસહ્ય મોંઘવારી માં અનુસૂચિત જાતિના ઇસમોને વ્યવસાય નું સ્થળ ખરીદવા રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫૦૦૦/- સહાય આપવામાં આવે છે. આ રકમ અપૂરતી હોવાથી અનુસૂચિત જાતિના ઇસમોને આ યોજના હેઠળ આપવામાં આવતી લોનની રકમ ,અપૂરતી હોઇ અને હાલના સમયમાં સ્થાવર મિલ્કતો અને જમીનના ભાવોમાં વધારો થયેલો હોવાથી આ યોજના હેઠળ મંજુર કરવામાં આવતી લોનની રકમ પર વ્યાજ સહાય આપવી જરૂરી હોવાથી આમુખ ક્રમાંક (૧) પત્રથી નિયામકશ્રી (અંજાક) ધ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણા ને અંત્રે અનુસૂચિત જાતિ નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા લોન સહાય યોજનામાં લોનની રકમ પર વ્યાજ સહાય આપવાની રૂ.૧૦૦/-લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવી છે

શરતો :-

(૧) બાજપેયી બેંકેબલ યોજના અને કુટીર ઉધ્યોગમાંચાલતી બેન્કેબલ યોજના અનુસાર આ યોજનામાં નિયામકશ્રી (અંજાક) ધ્વારા અમલ કરવાનો રહેશે.

(૨) લાભાર્થી બેંકેબલ યોજના હેઠળ લોન લે અને ૪% વ્યાજ વ્યક્તિ ભોગવે , વધુ મા વધુ રૂ.૧૦ લાખની લોન ઉપર ૪% થી ઉપરના વ્યાજની સહાય રૂ.૧૫૦૦૦/- ની મર્યાદામા વધુ મા વધુ ૩ વર્ષ માટે આપવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભ પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ

વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોમર્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદીનીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનુ ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૬૨૨૫-અનુ સૂચિત જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ અંગે લોન સહાય ,પેટા મુખ્ય સદરઃ- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ , પેટા સદર- (૦૧) બીસીકે-૪૩ શહેરી વિસ્તારોમાં નાના ઉધોગ સાહિસકોને નાણાકિય સહાય બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.સાબરકાંઠા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.સાબરકાંઠા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.સાબરકાંઠા
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.